# શુક્રવાર, તા.૨૪મી જુલાઈ, ૨૦૨૬

## ૪૦૭.અંદાજ સમિતિની બેઠક:-

અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ-૨માં મળી હતી. સમિતિની આ બેઠકમાં સમિતિએ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૫/૦૬/૨૦૨૬ના રોજ આ સચિવાલયને મળેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ સૌપ્રથમ વિભાગની વિવિધ વિકાસલક્ષી કામગીરીની માહિતી મેળવી હતી. ત્યારબાદ વિભાગ અંતર્ગત આવતી કામગીરી તેમજ જુદી જુદી યોજનાઓ જેવી કે, વી.બી. જી-રામજી યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મીશન, વતનપ્રેમ યોજના, અટલવાડી યોજના, સક્ષમ ગામ-સમૃધ્ધ ગામ યોજના, સરહદી ગામો માટેની બી.એ.ડી.પી. યોજના, ઈકો સેન્સિટીવ યોજના, મુખ્યમંત્રી નિર્મળ ગામ યોજના, મુખ્યમંત્રી ગામ અસ્મિતા યોજના, ગ્રામોત્થાન યોજના તેમજ વિવિધ યોજનાઓ હેઠળ બાકી રહેલ કામો, હાંસલ કરેલ લક્ષ્યાંકો તેમજ ભૌતિક સિધ્ધિઓ, બજેટ અંદાજો, ફાળવવામાં આવેલ બજેટ તેમજ વપરાયેલ બજેટ વગેરે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વિવિધ મુદ્દાઓ ઉપર ભલામણો સાથે સમિતિએ માંગેલ વધારાની માહિતી સમયસર સમિતિને મોકલી આપવાની સૂચના સાથે સમિતિએ વિભાગની તપાસ પૂર્ણ કરેલ હતી.

સમિતિની બેઠક બપોરના ૦૨-૧૩ કલાકે પૂરી થઇ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**